647510 **0101201E1042** **Seat No :________**

# B.A. Semester - 2 (*CBCS*) Examination
## March/April - 2024 (As Per Syllabus Year-2016)
## GUJ. P4 : SARJAN LEKHAN KAUSHAL-2 (ELECTIVE-1)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન.૧ નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

" જયારે હું અહિંસાનો વિચાર કરવા માંડું છું ત્યારે મને ગીતાનું એક વચન યાદ આવે છે. ભગવાને કહ્યું છે કે, આખી દુનિયા સત અને અસત બંને તત્વોથી બની છે. એ બંને ભગવાનની વિભૂતિઓ છે. એવી જ રીતે જીવનમાં હિંસા અને અહિંસા બંનેને સ્થાન છે. પણ બંનેમાં ભેદએ છે કે, હિંસાને જીવનમાં સ્થાન હોવા છતાં જીવનની કૃતાર્થતા એમાં નથી. હિંસાને સ્થાન મળેલું હોવા છતાં જીવનમાં તેનું સમર્થન કરી શકાતું નથી. હિંસા એ જીવનની એક વાસ્તવિકતા છે. જયારે અહિંસા તો જીવનનો ધર્મ છે. હિંસા કોઈ કોઈ વખત જીવનને નિભાવે છે, જયારે અહિંસા તો જીવનની પરિપૂર્ણતા છે." -મહાત્મા ગાંધીજી

અથવા

પ્રશ્ન.૧ નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો.

"ઈશ્વર, સત્ય અને નીતિ ઘણી સારી ઘણી ઉપયોગી, ઘણી જરૂરી અને ઘણી પૂજય વસ્તુઓ છે. પણ જયાં સરસતા જ પરબ્રહ્મ છે. રસિકતા જ ગુરૂ છે, જયાં રસાસ્વાદ જ પૂજકને અધિકાર અર્પે છે, તે કલા અને સાહિત્યના મંદિરમાં બીજા દેવોની પૂજા અસ્થાને થાય છે, અને આનંદપ્રાપ્તિના નિર્માણમાં અંતરાયરૂપ થઈ પડે છે, અને આ વિષકન્યાની વાત ગમે તેવી મીઠી અને આકર્ષક લાગે, પણ તેનો સ્પર્શ વિષ પ્રસારવાનો છે. અને એ વિષ રસાસ્વાદ અને રસદષ્ટિ બંનેને નિશ્ચેતન કરે છે." -કનૈયાલાલ મુનશી

પ્રશ્ન.૨ નીચે આપેલા ગધખંડનું સંક્ષેપીકરણ કરો. (૧૪)

વિદ્યા મેળવવાનો આધાર કેવળ વિદ્યાલય ઉપર જ નથી હોતો મુખ્યત્વે કરીને વિદ્યાર્થી ઉપર જ હોય છે. ઘણા વિદ્યાર્થીઓ વિદ્યાલયમાં જાય છે. એટલું જ નહિ ઉપાધિ પણ મેળવે છે, છતાં વિદ્યા પામતા નથી. તે જ પ્રમાણે તીર્થ કરવા તો ઘણા જાય છે, પણ તીર્થનું સાચું ફળ બધા મેળવી શકતા નથી. જેઓ જોવાની વસ્તુ જુએ નહિ, મેળવવાની વસ્તુ મેળવે નહિ, તેમની વિદ્યા આખર સુધી પોથીમાં જ રહે છે અને ધર્મ બાહ્ય આચરણમાં પુરાઈ રહે છે. તેઓ તીર્થમાં જાય છે ખરા, પણ જવાને તેઓ પુણ્ય માને છે, પામવાને નહિ. તેઓ અમુક જળ અથવા અમુક માટીમાં કોઈ વિશેષ ગુણ રહેલો છે એમ માને છે. એથી માણસનું લક્ષ્ય ભ્રષ્ટ થાય છે, જે ચિતની સામગ્રી છે તેને વસ્તુમાં હાકી કાઢી તેનો નાશ કરે છે. આખા દેશમાં સાધના માર્જિત ચિત્તશક્તિ જેમ જેમ મલિન થતી ગઈ તેમ તેમ આ નિરર્થક બાહ્યતા વધતી ગઈ, તે વાત કબૂલ કરવી જ પડશે.

-રવીન્દ્રનાથ ટાગોર

અથવા

પ્રશ્ન.૨ નીચે આપેલા ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો.

સોનું એ કાંઈ અનાજ નથી કે ખાઈને પેટ ભરાય, એ કંઈ ફૂલ નથી કે સૂંઘીને મન પ્રસન્ન થાય, એ કંઈ ફળ નથી કે એના રસથી ધરાઈએ, એ કંઈ ઊન કે રેશમ નથી કે એના કપડાથી શરીરનું રક્ષણ કરીએ, એ કંઈ લાકડું નથી કે લોઢું નથી કે એમાંથી નિત્યના વ્યવહારની અનેક વસ્તુઓ તૈયાર કરીએ. અરે! એ તમાકુ કે અફીણ પણ નથી કે જેના કેફમાં દુનિયાનું દુઃખ ભૂલી જઈએ. (ઝેર પણ નથી કે જેને ખાઈને એક ભવમાંથી તો મુક્ત થઈ જઈએ.) છતાં એ ઝેર નથી એમ કેમ કહેવાય? માણસના વ્યવહારમાં દાખલ થઈ એ પરસ્પર વિશ્વાસ, પ્રેમ અને આદર નષ્ટ કરે છે. પવિત્રમાં પવિત્ર સંબંધ પણ એક ક્ષણમાં તોડે છે અને એ નશાની ચીજ

નથી એમ પણ કેમ કહેવાય? એનો નશો તો માણસનું આખું જીવન બગાડી દે છે. મોટા રાષ્ટ્રોને એ સ્વાતંત્ર્યનાશક તેમજ અન્યાયમૂલક પ્રવૃતિમાં ઉતારે છે. સોનું એ વિશ્વનો મોટામાં મોટો અનર્થ છે. -કાકા કાલેલકર

પ્રશ્ન.૩ વિરામચિન્હો એટલે શું? સમજાવી તેના વિશે વિસ્તૃત નોંધ લખો. (૧૪)

અથવા

પ્રશ્ન.૩ નીચેના વાકયોમાં વિરામચિન્હો મૂકી ફરીથી લખો.

(૧) અમદાવાદમાં હરિજન આશ્રમ રાષ્ટ્રીય તીર્થ છે

(૨) કેતકીબહેન સવારે વાંચે છે

(૩) પણ તારાં અભિમાન કયાં ઓછા હતા

(૪) ગિરનાર જાણે કે પ્રકૃતિનું રૂપ

(૫) બેટા હીરબાઈ આહી આવતી રહે

(૬) વાહ ધન્ય છે તારી ટેકને

(૭) તમે મારી વાત સાંભળો છો કે

(૮) બા એ બા કમાડ ખોલો હું છું હું

(૯) યુધ્ધ માટે તો હું જ કૂદ કુદા કરતી હતી

(૧૦) કચરો કચરો તો ય એકવાર સરજન હારની અંગુલિનો સ્પર્શ થયો છે.

પ્રશ્ન.૪ સમાસ એટલે શું? તે સમજાવી, દ્વિગુણ અને મધ્યમપદલોપી સમાસ વિશે લખો. (૧૪)

અથવા

પ્રશ્ન.૪ નીચેનામાંથી કોઈપણ સાત સમાસનો વિગ્રહ કરી ઓળખાવો.

(૧) કપોલકલ્પિત (૨) પ્રેમવશ (૩) રેખાચિત્ર (૪) કથાકાર (૫) મહારાજા

(૬) મેઘગંભીર (૭) મહાબાહુ (૮) ગજાનંદ (૯) હૈયાસગડી (૧૦) સીતારામ

પ્રશ્ન.૫ નીચેના આપેલા રૂઢિપ્રયોગોના અર્થ આપી, વાકય બનાવો. (૧૪)

(૧) કડવો ઘૂંટડો ગળી જવો

(૨) કાળજું કઠણ કરવું

(૩) ખોળો પાથરવો

(૪) ઘોળીને પી જવું

(૫) છક્કા છુટી જવા

(૬) ઝાળ ઊઠવી

(૭) જાત ઘસી નાખવી

અથવા

પ્રશ્ન.૫ નીચે આપેલી કહેવતોના અર્થ સમજાવો.

(૧) મોરનાં ઈંડા ચીતરવાં ન પડે

(૨) ખાલી ચણો વાગે ઘણો

(૩) મન હોય તો માળવે જવાય

(૪) કૂવામાં હોય તો હવાડામાં આવે

(૫) ચળકે તેટલું સોનું નહિ

(૬) એક કાંકરે બે પક્ષી મારતાં

(૭) દુકાળમાં અધિક માસ

*************************